# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

**Web : www.incgujarat.com** **E-mail : gpcc1234@gmail.com**


અખબારી યાદી ૦૬-૦૯-૨૦૨૫

## કોંગ્રેસ દ્વારા ૧૧ સપ્ટેમ્બરથી ખેડૂતોના પડતર પ્રશ્નોના મુદ્દે સૌરાષ્ટ્રમાં "ખેડૂત અધિકાર યાત્રા" નું આયોજન

- વોટ ચોરીની જેમ ગુજરાતમાં ખેડૂતોની જમીન ચોરી કરવાનો કારસો થઇ રહ્યા છે તેને ઉજાગર કરવામાં આવશે : લાલજીભાઈ દેસાઈ
- ભાજપ સરકાર વાત ખેડૂતોના હિતની કરે છે અને તમામ નિર્ણયો ખેડૂતોના અહિતના લે છે : યુવરાજસિંહ રાણા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં કોંગ્રેસ દ્વારા આવનારા દિવસોમાં ખેડૂતોના હક્ક તથા અધિકાર માટે "ખેડૂત અધિકાર યાત્રા" સંદર્ભે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સેવાદળના મુખ્ય સંગઠક શ્રી લાલજીભાઈ દેસાઈ તેમજ ગુજરાત કિશાન કોંગ્રેસના પ્રવક્તા શ્રી યુવરાજસિંહ રાણા સંયુક્ત પત્રકાર પરિષદમાં ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સેવાદળના મુખ્ય સંગઠક શ્રી લાલજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિતભાઈ ચાવડાની સુચનાથી આગામી તારીખ ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૫ થી સૌરાષ્ટ્રમાં ખેડૂતોના પડતર પ્રશ્નોના મુદ્દે "ખેડૂત અધિકાર યાત્રા"નું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત કોંગ્રેસના ૫૦ થી વધુ આગેવાનો સમગ્ર સૌરાષ્ટ્રમાં જીલ્લા પંચાયતની બેઠકો દીઠ સતત ૭ દિવસ ખેડૂત સંમેલન કરશે. તેમાં ખેડૂતોના મુદ્દાઓ તેમની સમસ્યાઓ અને તેમના સળગતા સવાલોને સમજીને સમગ્ર રાજ્ય વ્યાપી આંદોલનમાં શું કરી શકાય અને ખેડૂતો તથા પશુપાલકોના અધિકારો બચાવવા માટે આ પ્રથમ રૂપરેખા રહેશે. ત્યાર બાદ ખેડૂતોનું પ્રથમ મહા સંમેલન નવરાત્રી પહેલા સૌરાષ્ટ્રમાં થશે. ત્યાર બાદ ઉત્તર ગુજરાત, દક્ષીણ ગુજરાત અને સમગ્ર ગુજરાતના ખેડૂતો, પશુપાલકો દૂધ ઉત્પાદકો અને આદિવાસી વિસ્તારમાં જેમના જમીનના હક્કો છીનવાયા છે તેઓ સહુને સાથે રાખીને આવનાર દિવસોમાં ઘોર નિંદ્રામાં સુતેલી સરકારને જગાડવામાં આવશે.

વિશેષમાં જણાવેલ જેવી રીતે વોટ ચોરી થાય છે તેવી જ રીતે ગુજરાતમાં ખેડૂતોની જમીન ચોરી કરવાનું કારસો રમણલાલ વોરા જેવા અનેક ભાજપના આગેવાનો દ્વારા થઇ રહ્યા છે તેને પણ ઉજાગર કરવામાં આવશે. દેશમાં અને ગજરાતમાં પણ રસાયણિક ખતરો જેવા કે, યુરીયા, ડીએપી, એનપીએ કુત્રિમ અછત સર્જાય

છે. ખેડૂતોને જયારે જરૂરિયાત હોય ત્યારે મળતા નથી. તેમજ સાથે બિન જરૂરી નેનો યુરીયા મોંઘા ભાવે ભટકાડી દેવામાં આવે છે.

ગુજરાત કિશાન કોંગ્રેસના પ્રવક્તા શ્રી યુવરાજસિંહ રાણાએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર વાત ખેડૂતોના હિતની કરે છે અને તમામ નિર્ણયો ખેડૂતોના અહિતના નુકશાનકારી લે છે. ભારતની સંસદમાં નાણામંત્રી શ્રી નિર્મલા સીતારમનજીએ ચાલુ વર્ષના બજેટ દરમ્યાન ખેડૂતોને આપવામાં આવતી કિશાન ક્રેડીટ કાર્ડ લોનની મર્યાદા ૩ લાખથી વધારીને ૫ લાખ પ્રતિ ખેડૂત કરવાની જાહેરાત કરી હતી. પરંતુ હકીકતે ૬ માસના અંતે આજ દિન સુધી પણ ખેડૂતોને ૫ લાખનું ધિરાણ મળ્યું નથી. જાહેરાત માત્ર ખેડૂતોને છેતરવા પુરતી સીમિત હતી.

ચાલુ વર્ષે ૨૦૨૫-૨૬ની એમએસપી સરકારે જાહેરાત કરી ત્યારે સરકારે ખૂબ મોટો ઢંઢેરો પીટેલો કે ભાજપની સરકારે ખેડૂતોના હિતમાટે એમ.એસ.પી.માં ૨૦૧૪ થી અત્યાર સુધીમાં બમણો વધારો છે તેની વાહ વાહી કરી હતી. પરંતુ ટકાવારીના આકડા જોતા વાસ્તવિકતા કંઇક જુદી દેખાઈ રહી છે.

| UPA સરકાર - MSP | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ડાંગર | | | મગફળી | | | ઘઉં | | |
| ૨૦૦૨-૦૩ | ૫૩૦ | ૧૪૫ % | ૨૦૦૨-૦૩ | ૧૪૦૦ | ૧૮૫ % | ૨૦૦૨-૦૩ | ૬૨૦ | ૧૧૭ % |
| ૨૦૧૩-૧૪ | ૧૩૧૦ | વધારો | ૨૦૧૩-૧૪ | ૪૦૦૦ | વધારો | ૨૦૧૩-૧૪ | ૧૩૫૦ | વધારો |

| NDA સરકાર - MSP | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ડાંગર | | | મગફળી | | | ઘઉં | | |
| ૨૦૧૩-૧૪ | ૧૩૧૦ | ૮૧ % | ૨૦૧૩-૧૪ | ૪૦૦૦ | ૮૧ % | ૨૦૧૩-૧૪ | ૧૩૫૦ | ૭૭ % |
| ૨૦૨૫-૨૬ | ૨૩૬૯ | વધારો | ૨૦૨૫-૨૬ | ૭૨૬૩ | વધારો | ૨૦૨૪-૨૫ | ૨૩૮૮ | વધારો |

તેવી જ રીતે ૭૦ના દાયકા થી ભારત ભરના ખેડૂતોને વીમા યોજનાનો લાભ મળતો હતો આ ભાજપા સરકારે ૨૦૧૬માં નવી કૃષિ વીમા યોજના લાગુ કરી અને મસમોટી જાહેરાતો કરી કે હવે ખેડૂતોને કોઈ ચિંતા કરવાની રહેતી નથી. પરંતુ વાસ્તવિકતાએ આ યોજના અંતર્ગત ૨૦૧૬ થી ૨૦૧૯ સુધીના વર્ષોમાં ખેડૂતોને મળવા પાત્ર લાભ મળ્યો નથી. ઉલટાનું ગુજરાતના ખેડૂતોએ પ્રીમીયમ ભર્યા હોવા છતાં ક્લેમ લેવા માટે હાઈકોર્ટના સરણે જવું પડ્યું અને હજુપણ ઘણા બધા કેસો કોર્ટમાં મુલતવી છે. અને ૨૦૨૦ થી આ યોજનાને ગુજરાતમાં બંધ કરી દેવામાં આવી આજ દિન સુધી ખેડૂતોની ચિંતા કરી કોઈ પણ પાક યોજના અમલમાં મૂકી નથી. ખેડૂતોને રામ ભરોસે મૂકી દીધા છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત ઉપરોક્ત પ્રેસ કોન્ફરન્સમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કો-કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ તથા પ્રવક્તાશ્રી પાર્થિવરાજ કઠવડિયા ઉપસ્થિત રહ્યા હતા.



હેમાંગ મહિપતરામ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ